શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ
શ્રી કે. પી. સંઘવી હોસ્પિટલ
SHRI K. P. SANGHVI HOSPITAL
લાલવાડી, સગરામપુરા, સેન્ટર પોઈન્ટ પાછળ, રીંગરોડ, સુરત-૨. ફોન : ૦૨૬૧-૪૭૭૭૮૮, ૨૪૬૨૦૭૭-૮૮

ઓન્કોલોજી વિભાગ (કેન્સરના રોગ)

(મોંઢા અને જીભનું કેન્સર, સ્વરયંત્રનું કેન્સર, થાઈરોઈડ તથા પેરોટેડ, સ્તન, ગર્ભાશય તથા અંડાશય, અન્નનળી, જઠર તથા આંતરડા, ફેફસાનું કેન્સર, કીડની તથા પેટને લગતા કેન્સર)

- ડૉ. આકાશ વાઘાણી - M.S. M.Ch, Surgical Oncology (દર શનિવાર – બપોરે ૧ થી ૨)
- ડૉ. સાગર અગ્રવાલ - MDS, Fellowship Head & Neck Surgical Oncologist (દર સોમવાર અને ગુરૂવાર – સાંજે ૫ થી ૬)
- ડૉ. દિનેશ શાહ - MDS, Fellowship Head & Neck Surgical Oncologist (દર બુધવાર – સાંજે ૩ થી ૫)
- ડૉ. સવિનય આર. દિધિયા - DM. Medical Oncologist (દર ગુરૂવાર – સાંજે ૫ થી ૬)
- ડૉ. મયુર એમ. મેરૂલીયા - DM. Medical Oncologist (દર શુક્રવાર – સાંજે ૫ થી ૬)
- ડૉ. જ્યોતિ એ. શર્મા - MD. Radiation Oncologist

સરકારશ્રીની 'PMJAY 'મા' યોજના હેઠળ વિનામૂલ્યે કેન્સરની સારવાર ઉપલબ્ધ



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા



પંચકર્મ - અગ્નિકર્મ - વેધનકર્મ - મર્મ:રૂઠ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદા વૈદ્ય શાલા ||
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
ઘૂંટણનો દુ:ખાવો
ઘૂંટણ ના ઘસારા Osteoarthritis
DTRT, ઉપનાહ સ્વેદન, લેપન, વેધાગ્નિકર્મ, પંચકર્મ, EKLપંચકર્મ, પટ્ટબંધન, અગ્નિકર્મ, ક્ષારકર્મ, વેધનકર્મ (વિદ્ધકર્મ)
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph.: (0261) 2470875, Mo.: 75748 61856
ભરૂચ એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo.: 75748 61866
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી–અસ્તાન રોડ, બારડોલી. Mo.: 75748 61853



માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ વૈશાખ સુદ દશમ રવિવાર ૨૬ એપ્રિલ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૫૬

પાનાં ૧૨+૮ કિંમત ₹ ૬.૦૦


## ગુજરાતમાં લોકશાહીનું મહાપર્વ : આજે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે મતદાન

# ઈવીએમમાં 25,532 ઉમેદવારોનું ભાવિ સીલ થશે

| 4.19 | 49591 | 11,000 | 3300 |
|---|---|---|---|
| કરોડ મતદાર | મતદાન મથક | સંવેદનશીલ મતદાન મથક | જેટલા મતદાન મથક |

**SIR** પ્રક્રિયા બાદ ૭૩ લાખ મતદારો ઓછા થયા છે

મતદાનની ટકાવારી ઊંચી રહેવાની પ્રબળ શક્યતા

ગાંધીનગર : ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ માટે આવતીકાલે, રવિવાર ૨૬ એપ્રિલ ૨૦૨૬ના રોજ મતદાન યોજાવા જઈ રહ્યું છે. ૧૫ મહાનગરપાલિકા, ૮૪ નગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયતોના જંગમાં ૨૫,532થી વધુ ઉમેદવારોના રાજકીય ભાવિ રાજ્યના આશરે ૪.૪૦ કરોડ મતદારો નક્કી કરશે.આવતીકાલે ૨૬ એપ્રિલે સવારે ૭:૦૦ વાગ્યાથી મતદાનનો પ્રારંભ થશે. તમામ બેઠકોનું પરિણામ ૨૮ એપ્રિલ ૨૦૨૬ના રોજ જાહેર કરવામાં આવશે. અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરા જેવા મહાનગરોમાં ત્રિપક્ષીય જંગને કારણે સૌની નજર પરિણામો પર ટકેલી છે.

15 મહાનગરપાલિકામાં 3145 ઉમેદવારો, સામાન્ય ચૂંટણી હેઠળની 84 નગરપાલિકાઓમાં 5441 ઉમેદવારો, નગરપાલિકાની પેટા ચૂંટણીમાં 21 ઉમેદવારો, 34 જિલ્લા પંચાયતો માટે 3059 ઉમેદવારો અને 260 તાલુકા પંચાયતો માટે 13,871 ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ જોવા મળી રહ્યા છે. એકંદરે ચૂંટણી જંગમાં 25532 જેટલા ઉમેદાવારો છે. 15 મનપામાં 13 બેઠકો, 84 નગરપાલિકાઓ પૈકી 385 બેઠકો અને 53 વોર્ડ સંપૂર્ણ બિનહરીફ, નગરપાલિકાઓની પેટા ચૂંટણીમાં 4 બેઠકો બિન હરીફ , 34 જિલ્લા પંચાયતમાં 52 બેઠકો, જ્યારે 260 તાલુકા પંચાયતોમાં 252 બેઠકો બિનહરીફ થઈ છે. મતદાન શરૂ થાય તે પહેલા જ ભારતીય જનતા પાર્ટીએ ઐતિહાસિક સરસાઈ મેળવી લીધી છે. ભાજપના દાવા મુજબ કુલ ૧૦,૦૦૫ બેઠકોમાંથી ૭૨૪ થી વધુ બેઠકો પર તેમના ઉમેદવારો બિનહરીફ જાહેર થયા છે. ખાસ કરીને તાલુકા પંચાયતોમાં ૨૫૨ અને જિલ્લા પંચાયતોમાં ૫૨ બેઠકો પર ભાજપને મતદાન પૂર્વે જ વિજય મળ્યો છે. કુલ ૭૩૬ બેઠકો બિનહરીફ થતા હવે બાકીની ૯,૨૬૩ બેઠકો પર ખરાખરીનો જંગ જામશે. આ વખતે મતદાનની ટકાવારી ઊંચી રહેવાની પ્રબળ શક્યતા છે. મતદાર યાદી શુદ્ધિકરણ (SIR) પ્રક્રિયા બાદ રાજ્યમાં કુલ મતદારોની સંખ્યા ૪.૪૦ કરોડ છે, જેમાં આશરે ૨.૧૦ કરોડ પુરુષ અને ૧.૯૭ કરોડ મહિલા મતદારોનો સમાવેશ થાય છે. આ વર્ષે મતદાર યાદીના શુદ્ધિકરણ (SIR) બાદ અંદાજે ૭૩ લાખ નામો દૂર કરવામાં આવ્યા છે, જેના કારણે મતદાનની ટકાવારી ૨૦૨૧ની સરખામણીએ (૪૬.૧%) ઘણી ઊંચી રહેવાની શક્યતા છે. ચૂંટણીને શાંતિપૂર્ણ રીતે સંપન્ન કરવા માટે રાજ્ય પોલીસ વડા ડૉ કે એલ એન રાવના માર્ગદર્શન હેઠળ લોખંડી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ૫૯,૫૨૫ હોમગાર્ડ-જીઆરડી અને ૪૧,૩૮૩ પોલીસ ફોર્સ મળી કુલ ૧ લાખથી વધુ સુરક્ષા કર્મીઓ સંવેદનશીલ વિસ્તારો અને મતદાન મથકો પર નજર રાખશે.

**ચૂંટણી જંગના મુખ્ય આંકડા**

- ભાજપ: ૯,૨૪૫ ઉમેદવારો
- કોંગ્રેસ: ૮,૪૪૩ ઉમેદવારો
- આમ આદમી પાર્ટી (AAP): ૫,૨૬૩ ઉમેદવારો
- અપક્ષ અને અન્ય: ૨,૫૭૫ ઉમેદવારો

## ઇરાનના વિદેશ મંત્રી પાકિસ્તાનના નેતાઓ સાથે મંત્રણા કરીને રવાના થઇ ગયા

**અમેરિકી** ટીમ આવે તે પહેલા જ ઇરાની ટીમ ઓમાન અને રશિયા જવા રવાના થઇ ગઇ



ઈસ્લામાબાદ, તા. 25: ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ શનિવારે પાકિસ્તાનના ટોચના નાગરિક અને લશ્કરી નેતાઓ સાથે મુલાકાત કરી હતી અને પ્રાદેશિક પરિસ્થિતિ તથા અમેરિકા સાથે ચાલી રહેલી શાંતિ મંત્રણા અંગે ચર્ચા કરી હતી. આ મુલાકાત એવા સમયે થઈ છે જ્યારે આ અઠવાડિયે અમેરિકા-ઈરાન વચ્ચે બીજા રાઉન્ડની મંત્રણાની શક્યતાઓ ઓછી દેખાઈ રહી છે.

શુક્રવારે મોડી રાત્રે ઈસ્લામાબાદ પહોંચેલા અરાઘચીએ શનિવારે પાકિસ્તાનના સંરક્ષણ દળોના વડા ફિલ્ડ માર્શલ અસીમ મુનીર સાથે મુલાકાત કરી હતી, તેમ પાકિસ્તાન સ્થિત ઈરાની દૂતાવાસે 'X' પર જણાવ્યું હતું, જો કે તેમની ચર્ચા અંગે વધુ વિગતો આપવામાં આવી નથી. ઈરાની દૂતાવાસ દ્વારા સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવેલા એક ટૂંકા વીડિયોમાં આ બેઠકમાં ઈરાનના નાયબ વિદેશ મંત્રી કાઝેમ ગરીબાબાદી, વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈ અને રાજદૂત રઝા અમીરી મોગધામ પણ હાજર જોવા મળ્યા હતા. પાકિસ્તાન તરફથી ગૃહમંત્રી મોહસિન નકવી અને અન્ય અધિકારીઓ પણ સામેલ હતા. પીટીઆઈને એક વરિષ્ઠ સરકારી અધિકારીએ જણાવ્યું કે, અરાઘચીએ મુનીર સાથે ઔપચારિક બેઠક કરી હતી અને અમેરિકા સાથેની શાંતિ મંત્રણાને લગતી બાબતો પર ચર્ચા કરી હતી. ઈરાની પ્રતિનિધિમંડળે ત્યારબાદ વડાપ્રધાન શહબાઝ શરીફની મુલાકાત લીધી હતી અને બંને પક્ષોએ દ્વિપક્ષીય બાબતો તેમજ પ્રાદેશિક વિકાસની સમીક્ષા કરી હતી, તેમ ઈરાની દૂતાવાસે જણાવ્યું હતું. પાકિસ્તાનના નાયબ વડાપ્રધાન ઈશાક ડાર અને આર્મી ચીફ મુનીર પણ આ બેઠકમાં હાજર હતા, જ્યાં બંને પક્ષોએ પ્રાદેશિક સ્થિતિ પર ચર્ચા કરી હોવાનું વડાપ્રધાન કાર્યાલયે જણાવ્યું હતું. બાદમાં મળેલા અહેવાલ મુજબ ઇરાનના વિદેશ મંત્રી દિવસભરની બેઠકો પછી પાકિસ્તાનથી રવાના થઇ ગયા છે. અરાઘચી ઓમાન અને રશિયાનો પ્રવાસ પણ કરશે. ઈસ્લામાબાદ રવાના થતા પહેલા શુક્રવારે અરાઘચીએ કહ્યું હતું કે તેઓ ઈસ્લામાબાદ, મસ્કત અને મોસ્કોના પ્રવાસે જઈ રહ્યા છે અને તેનો ઉદ્દેશ્ય ભાગીદારો સાથે દ્વિપક્ષીય બાબતોમાં સંકલન સાધવાનો અને પ્રાદેશિક વિકાસ પર પરામર્શ કરવાનો છે. જેવા ઈરાની પ્રતિનિધિઓ ઈસ્લામાબાદ પહોંચ્યા, વ્હાઇટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે જણાવ્યું હતું કે મધ્ય પૂર્વ માટેના અમેરિકી વિશેષ દૂત સ્ટીવ વિટકોફ અને પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના સલાહકાર જેરેડ કુશ્નર ઈરાની પ્રતિનિધિમંડળ સાથે સીધી વાતચીત કરવા માટે શનિવારે પાકિસ્તાન રવાના થશે. જો કે, અમેરિકી ટીમ હજુ સુધી પહોંચી નથી.

**આ સપ્તાહે ઇરાન-અમેરિકા વચ્ચે મંત્રણા થાય તેવી શક્યતા નહીંવત**

પાકિસ્તાની અધિકારીએ જણાવ્યું હતું કે ઈરાની ટીમ અમેરિકી દૂતોના આગમનની રાહ જોયા વિના રવાના થાય તેવી શક્યતા છે, જેનાથી આ અઠવાડિયે ઈરાન અને અમેરિકા વચ્ચે સીધી વાતચીતની શક્યતા નહિવત છે. અધિકારીએ વધુમાં ઉમેર્યું કે, અરાઘચીએ ઈરાનની 'ચોક્કસ ચિંતાઓ' પાકિસ્તાનને જણાવી હોય તેમ લાગે છે, જે ઈસ્લામાબાદ આગામી અમેરિકી પ્રતિનિધિમંડળને જણાવશે. જો અમેરિકા આ ચિંતાઓને દૂર કરવા અને કોઈ સમજૂતી આપવા સંમત થાય, તો ઈસ્લામાબાદમાં તેમની વચ્ચે બીજા રાઉન્ડની સીધી મંત્રણા થશે.

## ઈરાનનું હવાઈ ક્ષેત્ર ફરી ધમધમ્યું: બે મહિનાના સંઘર્ષ બાદ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ શરૂ




કાઈરો, તા. ૨૫ (AP): અમેરિકા અને ઈઝરાયેલ સાથે લગભગ બે મહિના પહેલા શરૂ થયેલા સંઘર્ષ બાદ શનિવારે પ્રથમ વખત ઈરાને તેહરાનના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી વ્યાપારી ફ્લાઇટ્સ ફરી શરૂ કરી છે.

ઈરાનના સરકારી ટેલિવિઝને અહેવાલ આપ્યો છે કે, તેહરાનના ઈમામ ખોમેની ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ઈસ્તંબુલ, ઓમાનની રાજધાની મસ્કત અને સાઉદી અરેબિયાના શહેર મદીના માટે ફ્લાઇટ્સે ઉડાન ભરી હતી.

ફ્લાઇટ ટ્રેકિંગ પ્લેટફોર્મ 'Flightradar24'એ દર્શાવ્યું હતું કે, શનિવારે સવારે ઈસ્તંબુલ તરફ જતી ઓછામાં ઓછી ત્રણ ફ્લાઇટ્સે પ્રસ્થાન કર્યું હતું.

અમેરિકા સાથે થયેલા યુદ્ધવિરામ વચ્ચે ઈરાને આ મહિનાની શરૂઆતમાં આંશિક રીતે પોતાનું હવાઈ ક્ષેત્ર ખુલ્લું મૂક્યું હતું, જેના કારણે બંને દેશો વચ્ચે ચાલી રહેલી લડાઈ અટકી ગઈ હતી.

## સરકારે નીતિ આયોગની ફેરરચના કરી

**ભૂતપૂર્વ** મુખ્ય આર્થિક સલાહકાર અશોક લાહીરીને ઉપાધ્યક્ષ બનાવાયા

**નવા** પાંચ પૂર્ણકાલીન સભ્યોની પણ નિમણૂક કરવામાં આવી



નવી દિલ્હી, તા. ૨૫(પીટીઆઈ): સરકારે નીતિ આયોગની પુનર્રચના કરી છે, જેમાં પૂર્વ મુખ્ય આર્થિક સલાહકાર અશોક કુમાર લાહિરીને ઉપાધ્યક્ષ અને અર્થશાસ્ત્રી કે. વી. રાજુ, એઈમ્સના ડાયરેક્ટર એમ. શ્રીનિવાસ અને વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના સચિવ અભય કરંદીકર સહિત પાંચ પૂર્ણકાલીન સભ્યોની નિમણૂક કરવામાં આવી છે. આ જાહેરાત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લાહિરી અને વૈજ્ઞાનિક ગોવર્ધન દાસ અને પૂર્વ કેબિનેટ સચિવ રાજીવ ગૌબા સહિતના નવા પૂર્ણકાલીન સભ્યોને ફળદાયી અને પ્રભાવશાળી કાર્યકાળ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

'X' પરની એક પોસ્ટમાં મોદીએ જણાવ્યું હતું કે, સરકારે નીતિ આયોગની પુનર્રચના કરી છે. શ્રી અશોક કુમાર લાહિરી જીને ઉપાધ્યક્ષ બનવા બદલ મારી શુભેચ્છાઓ. શ્રી રાજીવ ગૌબા જી, પ્રો. કે. વી. રાજુ જી, પ્રો. ગોવર્ધન દાસ જી, પ્રો. અભય કરંદીકર જી અને ડૉ. એમ. શ્રીનિવાસ જીને નીતિ આયોગના પૂર્ણકાલીન સભ્ય બનવા બદલ પણ મારી શુભેચ્છાઓ. તે તમામનો કાર્યકાળ ફળદાયી અને પ્રભાવશાળી રહે તેવી કામના. વડાપ્રધાન નીતિ આયોગના અધ્યક્ષ છે.

લાહિરી ચાર દાયકાથી વધુની કારકિર્દી ધરાવતા ભારતના સૌથી અનુભવી અને વરિષ્ઠ અર્થશાસ્ત્રીઓમાંના એક છે. હાલમાં પશ્ચિમ બંગાળમાં ભાજપના ધારાસભ્ય એવા લાહિરી ભારત સરકારના ભૂતપૂર્વ મુખ્ય આર્થિક સલાહકાર અને ૧૫મા નાણા પંચના સભ્ય રહી ચૂક્યા છે. તેઓ રાજ્યમાં ચાલી રહેલી વિધાનસભાની ચૂંટણી લડી રહ્યા નથી. રાજુ વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદના સભ્ય છે. કરંદીકર હાલમાં વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ (DST) ના સચિવ છે. ગોવર્ધન દાસ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (IISER), ભોપાલના ડાયરેક્ટર છે અને અગાઉ તેઓ જેએનયુ, નવી દિલ્હી ખાતે સ્પેશિયલ સેન્ટર ફોર મોલેક્યુલર મેડિસિનના પ્રોફેસર અને ચેરમેન તરીકે કાર્યરત હતા. શ્રીનિવાસ નવી દિલ્હીની પ્રતિષ્ઠિત ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીસ (AIIMS)ના ડાયરેક્ટર છે.

## ડ્રગ માફિયા સલીમ ડોલા તુર્કિયેમાં ઝડપાયો

**રૂ. 1** લાખનું ઇનામ ધરાવતા વોન્ટેડ ગુનેગાર સલીમ ડોલા દાઉદનો નજીકનો સાથી છે

દાઉદ ઈબ્રાહિમની ગેંગને મોટો ફટકો



નવી દિલ્હી: તા. 25: ભારતના કુખ્યાત ડ્રગ માફિયા અને આંતરરાષ્ટ્રીય ડ્રગ તસ્કરી નેટવર્કના મોટા ખેલાડી સલીમ ડોલાની તુર્કિયેની સુરક્ષા એજન્સીઓએ ઈસ્તંબુલમાં એક મોટી કાર્યવાહી દરમિયાન ધરપકડ કરી લીધી છે. ભારતીય સુરક્ષા એજન્સીઓએ પણ તેની ધરપકડની પુષ્ટિ કરી છે. આ કાર્યવાહીને અંડરવર્લ્ડ અને નાર્કોટિક્સ નેટવર્ક વિરુદ્ધ મોટી સફળતા માનવામાં આવી રહી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, સલીમ ડોલા લાંબા સમયથી ગ્લોબલ સિન્થેટિક ડ્રગ નેટવર્ક ચલાવી રહ્યો હતો, જેના તાર અનેક દેશો સુધી ફેલાયેલા હતા. તપાસ એજન્સીઓનો દાવો છે કે તેના નેટવર્કના તાર ભારતના મોસ્ટ વોન્ટેડ અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમની ગેંગ સાથે પણ જોડાયેલા છે.

કુખ્યાત ડ્રગ માફિયા સલીમ ડોલાને દાઉદ ઈબ્રાહિમનો નજીકનો સાથી માનવામાં આવે છે. શરૂઆતના તબક્કામાં તે મુંબઈમાં સક્રિય હતો. ત્યાર બાદ તે દુબઈથી આખા ડ્રગ સિન્ડિકેટનું સંચાલન કરવા લાગ્યો હતો. સુરક્ષા એજન્સીઓનું કહેવું છે કે, ભારતમાં ડ્રગ્સ સપ્લાયની મોટી ચેનલ તેના જ નિયંત્રણમાં હતી.

ઓક્ટોબર 2025માં મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ તેના મુખ્ય સાથી મોહમ્મદ સલીમ સોહેલ શેખને દુબઈથી પ્રત્યાર્પણ કરીને ભારત લાવી હતી. ત્યાર બાદ નવેમ્બર 2025માં મુંબઈ પોલીસે સલીમ ડોલાના પુત્ર તાહિર ડોલા સહિત તેના પરિવારના ચાર સભ્યોને પણ દુબઈથી ભારત લાવીને ધરપકડ કરી હતી.

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (એનસીબી)એ સલીમ ડોલા પર 1 લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું હતું. તેની વિરુદ્ધ રેડ કોર્નર નોટિસ


...અનુસંધાન પાના 11 પર


## ભાજપે કેજરીવાલના કથિત શીશ મહલ-રના ફોટા સોશ્યલ મીડિયા પર મૂક્યા

**કેજરીવાલે** સરકારી બંગલા પર ભારે ખર્ચ કરીને તેને વૈભવશાળી બનાવ્યો હોવાનો ભાજપનો આક્ષેપ

**આપે** આ તસવીરો ફેક હોવાનું કહીને બદનક્ષીનો દાવો માંડવાની ચેતવણી આપી



નવી દિલ્હી, તા. ૨૫: ભારતીય જનતા પાર્ટીએ શનિવારે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલને લોધી એસ્ટેટમાં ફાળવવામાં આવેલા નવા બંગલા મુદ્દે ઘેર્યા હતા. ભાજપે આ બંગલાને શીશ મહેલ-2 ગણાવ્યો છે અને આરોપ લગાવ્યો છે કે તેમાં સુવિધાઓ ઊભી કરવા માટે ખાનગી નાણાંનો ખર્ચ કરવામાં આવ્યો છે. આમ આદમી પાર્ટીએ આ આરોપોને નકારી કાઢ્યા છે અને તેને તદ્દન ખોટા ગણાવ્યા છે.

દિલ્હીના મંત્રી અને ભાજપના નેતા પરવેશ વર્માએ શનિવારે આપ પ્રમુખ અરવિંદ કેજરીવાલ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કેજરીવાલને દિલ્હીના રહેમાન ડાકુ ગણાવ્યા હતા અને આરોપ લગાવ્યો હતો કે તેમણે બીજો શીશ મહેલ બનાવ્યો છે. વર્માએ કેટલાક દ્રશ્યો પણ દર્શાવ્યા હતા, જે કેજરીવાલના નવા નિવાસસ્થાનના હોવાનો તેમણે દાવો કર્યો હતો. બીજી તરફ, આપના રાજ્યસભા સાંસદ સંજય સિંહે આ દ્રશ્યોને સંપૂર્ણપણે નકલી ગણાવ્યા હતા અને કહ્યું હતું કે વર્મા અને આ દ્રશ્યો પ્રસારિત કરનાર ટેલિવિઝન ચેનલોએ માનહાનિના કેસનો સામનો કરવા તૈયાર રહેવું જોઈએ.

એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતા વર્માએ કેજરીવાલના તાજેતરમાં 95 લોધી એસ્ટેટ સ્થિત સરકારી બંગલામાં રહેવા જવા અંગે ટિપ્પણી કરી હતી. વર્માએ કહ્યું કે, ગઈકાલે તેઓ 95 લોધી એસ્ટેટમાં શિફ્ટ થયા છે, જેઓ કહેતા હતા કે હું સામાન્ય માણસની જેમ રહીશ. તેમણે વધુમાં ઉમેર્યું, જ્યારે મેં અગાઉના 'શીશ મહેલ'ની મુલાકાત લીધી હતી, ત્યારે મને આશ્ચર્ય થયું હતું કે કોઈ આટલા વૈભવી ઘરમાં કેવી રીતે સૂઈ શકે - તેમને ત્યાં ઊંઘ કેવી રીતે આવતી હશે?, આ સાથે જ તેમણે કેજરીવાલના નવા નિવાસસ્થાનના હોવાનું દાવો કરતા દ્રશ્યો પણ બતાવ્યા હતા. જો કે આને ફેક ગણાવતા સંજય સિંહે દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા, લેફ્ટનન્ટ ગવર્નર વી.કે. સક્સેના અને પ્રવેશ વર્માને પણ પોતાના નિવાસસ્થાનો જનતા માટે ખુલ્લા મૂકવાનો પડકાર ફેંક્યો હતો અને ઉમેર્યું હતું કે કેજરીવાલ પણ તેમ જ કરશે. સિંહે કહ્યું, ત્યારબાદ જનતા પોતે જોશે કે કોનું ઘર ખરેખર આલીશાન છે. ભૂતપૂર્વ મુખ્યમંત્રી આતિશીએ પણ વર્માએ બતાવેલા દ્રશ્યો ફેક ગણાવ્યા હતા.

તા. ૨૫-૦૪-૨૦૨૬નું વડોદરા શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૪૨.૫° સે. | ૨૫.૦° સે. | ૨૦% |


